## જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે જિલ્લાઓની ફાળવણી બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ હસલ-૧૦૨૦૦૪-૧૮૫૮-હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮-|૧૨|૨૦૦૪

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯-૧૧-૨૦૦૩ નો પરિપત્ર ક્રમાંકઃ હસલ-૧૦૨૦૦૩- ૨૨૮૮-હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૩૦-૧૦-૨૦૦૪ નો પરિપત્ર ક્રમાંકઃ એસસીપી-૧૨૯૩-૯૬- મૂલ્યાંકન-૯૨૯-૯૮-ક

## પરિપત્ર

આમુખ (૧) માં દર્શાવેલ તા. ૨૯-૧૧-૨૦૦૩ ના પરિપત્રથી રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા તકેદારી સમિતિમાં રાજ્ય સરકારના પ્રતિનિધિનો સમાવેશ કરવાની સૂચનાઓ અમલમાં છે. આમુખ (૨) માં જણાવેલ વિભાગના તા. ૩૦-૧૦-૨૦૦૪ ના પરિપત્ર ક્રમાંકઃ એસસીપી- ૧૨૯૩- ૯૬- મૂલ્યાંકન- ૯૨૯- ૯૮-ક થી ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટેની જિલ્લા અમલીકરણ સમિતિઓની બેઠકમાં રાજ્ય સરકારના પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા માટે જિલ્લાઓની પુનઃ ફાળવણી કરવામાં આવેલ છે. ખાસ અંગભૂત યોજનાની સમિતિની બેઠક તેમજ જિલ્લા તકેદારી સમિતિની બેઠક સામાન્ય રીતે એકજ દિવસે બોલાવવામાં આવતી હોય છે. આથી એકજ અધિકારી દવારા આ બન્ને બેઠકોમાં હાજરી અપાય તે હેતુથી તેમજ જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં સરકારના પ્રતિનિધિ તરીકે હાજર રહી જિલ્લાની પરિસ્થિતિની જાણકારી મેળવી તેના અનુસંધાને સરકાર કક્ષાએથી થતાં સૂચનો તેમજ માર્ગદર્શન પુરા પાડવામાં આવે તે માટે નીચે પ્રમાણે તેમની સામે દર્શાવેલ જિલ્લાઓની પુનઃ ફાળવણી કરવામાં આવે છે.

| અ.નં. | અધિકારીનો હોદો | કચેરીનો ફોન નંબર | ફાળવવામાં આવેલ જિલ્લાઓના નામ |
|---|---|---|---|
| ૧. | નાયબસચિવશ્રી (અનુ.જાતિ કલ્યાણ) | ૩૨૫૧૨૦૭ | અમદાવાદ,સુરેન્દ્રનગર,મહેસાણા,બનાસકાંઠા, કચ્છ,ગાંધીનગર. |
| ૨. | નાયબ સચિવશ્રી (રોસ્ટર) | ૩૨૫૧૨૦૯ | પંચમહાલ,ખેડા,આણંદ,વડોદરા. |
| ૩. | નાયબ સચિવશ્રી (બજેટ/ મહેકમ) | ૩૨૫૧૨૦૮ | ભરુચ,સુરત,વલસાડ,નવસારી,ડાંગ. |
| ૪. | સંયુકત સચિવશ્રી (એસસીપી/સમાજ સુરક્ષા) | ૩૨૫૧૨૧૩ | જુનાગઢ,જામનગર, ભાવનગર, સાબરકાંઠા, પોરબંદર. |
| ૫. | સંયુકત સચિવશ્રી (અ.ધારી ) | ૩૨૫૧૨૧૦ | પાટણ,દાહોદ,નર્મદા,અમરેલી,રાજકોટ. |

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો જનરલ ફેકસ નંબર. ૨૩૨૫૪૮૧૭

નિયામશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગરના ફેકસ નંબર. ૨૩૨૫૩૨૪૪

૨. ઉપરોકત અધિકારીઓએ તેમને ફાળવવામાં આવેલ જિલ્લાઓની પ્રત્યેક ત્રિમાસિક ગાળા દરમ્યાન યોજવામાં આવતી જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહી અનુસૂચિત જાતિના લોકો પર થતા અત્યાચારના બનાવોની સમીક્ષા કરવાની રહેશે. અને આ અતયાચારના બનાવો ઓછા બને તે અંગે વિવિધ સૂચનો પણ

કરવાનાં રહેશે.અનિવાર્ય સંજોગોના કારણે તેઓ પ્રસ્તુત બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોય તો તેમના તાબા હેઠળના સચિવાલય સંવર્ગના વર્ગ–૧ અથવા વર્ગ–૨ ના અધિકારીને મોકલવાનો પ્રબંધ અચૂક કરવાનો રહેશે. આવી બેઠકોમાં હાજર રહેવા માટે સબંધિત અધિકારીઓએ વિભાગના વડાની મંજુરી લેવાની રહેશે નહી. પરંતુ ફકત જાણ કરવાની રહેશે.

૩. જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં હાજર રહેનાર અધિકારીએ વિભાગની અત્યાચાર નિવારણ યોજનાની કામગીરી કરતી 'હ' શાખાના એક સભ્યને હાજર રાખવાના રહેશે.

૪. જિલ્લા તકેદારી સમિતિની બેઠકમાં સબંધકર્તા અધિકારી સમયસર ઉપસ્થિત રહી શકે તે માટે જે તે સભ્ય સચિવશ્રીએ બેઠક અગાઉ ૧૦ (દસ) દિવસ પહેલા સબંધિત અધિકારીઓને જાણ કરવાની રહેશે. અથવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ફેકસ પર ફેકસ મેસેજ પાઠવવાનો રહેશે.

૫. અગાઉની બેઠકની કાર્યવાહી નોંધના મુદાઓ તથા તે પરત્વે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા અહેવાલ અને મળનાર બેઠકનો એજન્ડા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે.

૬. જિલ્લા તકેદારી સમિતિની સમીક્ષા બેઠક તેમજ ખાસ અંગભૂત યોજનાની સમીક્ષા બેઠક સોમવાર અને મંગળવાર સિવાયના એકજ દિવસે જુદા જુદા સમયે યોજવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નામદેવ વસાંત )
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રીના અંગત સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સંયુકત સચિવશ્રી (અત્યાચાર ધારો)સચિવશ્રી,સા.ન્યાય.અને.અ.વિ.
- સંયુકત સચિવશ્રી (સમાજ સુરક્ષા)સા.ન્યાય.અને.અ.વિ.
- નાયબ સચિવશ્રી (મહેકમ)સા.ન્યાય.અને.અ.વિ.
- નાયબ સચિવશ્રી (અ.જા.ક.)સા.ન્યાય.અને.અ.વિ.
- નાયબ સચિવશ્રી (રોસ્ટર)સા.ન્યાય.અને.અ.વિ.
- નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (વર્ગ–૧)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
- વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.